| | | | |
|---|---|---|---|
| મળ્યા તારીખ | ૦૭/૦૩/૧૯૮૮. | | |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૦૭/૦૩/૧૯૮૮. | | |
| ફૈંસલ કર્યા તારીખ | ૧૧/૦૫/૨૦૧૮. | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

મહે. ઍડી. ચીફ મૅટ્રોપૉલીટન મૅજીસ્ટ્રેટ સાહેબશ્રીની અદાલતમાં–મુ.અમદાવાદ.

ફો.કેસ નં. (નવો) ૯૦૦૪૭૨/૧૯૮૮.
ફો.કેસ નં. (જૂનો) ૪૭૨/૧૯૮૮.
આંકઃ–

ગુજરાત સરકાર.
(ફરિયાદીનું નામ : સંજય મદનભાઈ ઓડ.)

:::::::::: ફરિયાદી.

વિરૂધ્ધ

(૧) રામજીભાઈ ઘુસાભાઈ પ્રજાપતિ.
રહે. ગામ–ઈટોલી, તા.ધોળકા, જિ.અમદાવાદ.

(૨) બાબુસિંહ માધુસિંહ પરમાર.
રહે. કઠલાલ, તા. કપડવંજ, જિ. ખેડા.
રહે. ગામ–ઈટોલી, તા.ધોળકા, જિ.અમદાવાદ.

(૩) શંકરલાલ ડાહયાભાઈ રાવલ.
રહે. કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર.

(૪) શેરમહંમદ ઉમરભાઈ જોખીયા.
રહે. એમ–૧૨૬ઘ, હાઉસીંગ સોસાયટી,
પાલીતાણા.

(૫) ભરત કાળુભાઈ રાઠોડ.
રહે. ગામ–ઈસરી, તા. મેઘરજ, જિ. સાબરકાંઠા.

(૬) ખીમભાઈ હિરાભાઈ વસાવા.

રહે. ઉત્તરસંડા, જિ. ખેડા.

(૭) વાલજીભાઈ ધર્માજી ડામોર.
રહે. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર.

(૮) રતિલાલ પ્રહલાદરાય જોષી.
રહે. ૭, ઘનશ્યામનગર, ડાકોર.

(૯) બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ.
રહે. વટવા, અમદાવાદ.

(૧૦) સોમાભાઈ સવાભાઈ ચૌહાણ.
રહે. સિગ્નલી, તા. લુણાવાડા, જિ. પંચમહાલ.

(૧૧) ઓમઅલી અબ્બાસઅલી.
રહે. દાહોદ, જિ. પંચમહાલ.

(૧૨) પરબતભાઈ મોતીભાઈ પરમાર.
રહે. લુણાવાડા, સિગનલી ગામમાં, જિ.પંચમહાલ.

(૧૩) કિરીટસિંહ અનોપસિંહ ગોહિલ.
રહે. કંડાસ, તા. કાલોલ, જિ. પંચમહાલ.

(૧૪) મોહનભાઈ છગનભાઈ હાજીપુરા.
રહે. કમિજલા, તા. વિરમગામ, જિ. અમદાવાદ.

(૧૫) ત્રિભોવનભાઈ હરીભાઈ પ્રજાપતિ.
રહે. ગામ–સકરાપુરા, તા. રાધનપુરા, જિ.બનાસકાંઠા.

(૧૬) બાબુભાઈ મહેતાભાઈ સીંઘલ.
રહે. ગામ–ધોળા જંકશન, જિ. ભાવનગર.

(૧૭) નારાયણભાઈ વાસુદેવભાઈ વ્યાસ.
રહે. લુણાવાડા, જિ.પંચમહાલ.

(૧૮) બળદેવભાઈ સુકાજી આદિવાસી.
રહે. ઈતાવડી, જિ. સાબરકાંઠા.

(૧૯) ભોળાભાઈ રાજાભાઈ કીકાણી.

રહે. ગામ–વલ્લભપુર, જિ. ભાવનગર.

(૨૦) રેવાભાઈ જીવાભાઈ પ્રજાપતિ.
રહે. કોકડીયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા.

(૨૧) યુસુફખાન દિલાવરખાન પઠાણ.
રહે. ગામ–શિહોર, જિ. ભાવનગર.

(૨૨) અલી પુંજા સીંધી.
રહે. ડુંગરપુર, તા. જિ. જૂનાગઢ.

(૨૩) માનસિંહ હરીસિંહ જાડેજા.
રહે. વલ્લભપુર, ભાવનગર.

(૨૪) નરેન્દ્રસિંહ સજ્જનસિંહ સોલંકી.
રહે. ગામ–લાટી, જિ. પંચમહાલ.

(૨૫) ભીખાભાઈ વિરસીંગભાઈ પટેલ.
રહે. કોટડી, જિ. બનાસકાંઠા.

(૨૬) અલ્લારખા ગીગા સિન્ધી.
રહે. જામનગર, કિશાન ચોક.

(૨૭) રામસીંગભાઈ ગલાભાઈ પરમાર.
રહે. ઉત્તરસંડા, જિ. ખેડા.

(૨૮) માનશંકર કલ્યાણજી બ્રાહ્મણ.
રહે. મોરબી, જિ. રાજકોટ.

(૨૯) ખેમચંદભાઈ જેઠાભાઈ ડગલા.
રહે. મોઘરી, જિ. સાબરકાંઠા.

(૩૦) નૂર મહંમદ અકબરખાન ઘાસુકી.
રહે. ડાગીયા, તા. જિ. માલણપુર.(બી.કે.)

(૩૧) શંકરભાઈ વાલજીભાઈ ચૌધરી.
રહે. મહેસાણા, મનમોહન સોસાયટી,બ.નં.૩૦.

(૩૨) દુલ્લભદાસ નથ્થુરામ હરીયાણી.

રહે. ઓરવાડ, જિ. જૂનાગઢ.

(૩૩) પ્રહલાદગીરી પૂજગીરી ગોસાઈ.
રહે. મહેસાણા, લક્ષ્મીનગર સોસાયટી,બ.નં.૩૦.

(૩૪) પ્રાણજીવન કેશવલાલ શાહ.
રહે. ગાંધીનગર, સેકટર નં. ૨૩/૬/૫.

(૩૫) નાથુભાઈ જોઈતાભાઈ પ્રજાપતિ.
રહે. હિંમતનગર, જિ. સાબરકાંઠા.

(૩૬) જયંતિભાઈ સોમાભાઈ સોલંકી.
રહે. કાળી, તા. દશક્રોઈ, જિ. અમદાવાદ.

(૩૭) ચંદુભાઈ શાભઈભાઈ ડાભી.
રહે. અરાલ, તા. કપડવંજ, જિ. ખેડા.

(૩૮) કેશાભાઈ મીઠાભાઈ ચમાર.
રહે. નિકોડા, જિ. સાબરકાંઠા.

(૩૯) અભેસીંગ જવાનસીંગ મકવાણા.
રહે. મોડાસા, જિ. સાબરકાંઠા.

(૪૦) રાજુસીંગ કાલુસીંગ મીણા.
રહે. સવાપુરા, જિ. સાબરકાંઠા.

(૪૧) હિરાભાઈ બિજલભાઈ શેલત.
રહે. કડાણા, જિ. પંચમહાલ.

(૪૨) ભગવાનજી વસ્તાજી.
રહે. ૨૫, વિદ્યાનગર સોસાયટી, ભાવનગર.

(૪૩) નરેશ ધનસિંહ વાઘેલા.
રહે. ભાવનગર, બં.નં.૧૦૪, વિદ્યાનગર સોસા.

(૪૪) મસરી ભગવાન કોળી.
રહે. નાની રાજેસથડી, જિ. ભાવનગર.

(૪૫) કાળીદાસ કાનાભાઈ રણોતી.

રહે. સંતરામપુર, જિ. પંચમહાલ.

(૪૬) બાબુભાઈ હરિભાઈ માંગરોલ.
રહે. ગામ–લાટી, જિ. પંચમહાલ.

(૪૭) નરેન્દ્ર મગનલાલ મહીચ્છા.
રહે. ગાંધીનગર, સેકટર–૧૬, ૩૬/૧૦.

(૪૮) ખીમજીભાઈ ગલાભાઈ મકવાણા.
રહે. ગઢડા, જિ. ભાવનગર.

(૪૯) દિલીપસિંહ મોરારભાઈ વાઘેલા.
રહે. ડભોઈ, જિ. વડોદરા.

(૫૦) બિસ્મિલ્લાખાન ગુલાબખાન.
રહે. નાગોરીવાસમાં, પાલનાગોરી.

(૫૧) ભીખાભાઈ કાનજીભાઈ.
રહે. ધારી નવી વસાહત, અમરેલી.

(૫૨) જીતેન્દ્રભાઈ મગનભાઈ રાણા.
રહે. ગામ–હિરાબા, જિ. અમરેલી.

(૫૩) અબ્દુલભાઈ અલીભાઈ સમાજા.
રહે. ગામ–સુખપુર, જિ. અમરેલી.

(૫૪) ત્રિભોવન મોરારભાઈ પટેલ.
રહે. ગામ–ગોધાર, તા.અંતરાપુર, જિ. પંચમહાલ.

(૫૫) ચંદુભાઈ બેચરભાઈ મોડીયા.
રહે. ગામ–વેકરીયા, જિ. અમદાવાદ.

:::::::::: આરોપીઓ.

ગુનો :– ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબ.

---

ઍડવોકેટ્સ :–
ગુજરાત સરકાર તરફે :– વિ.એ.પી.પી.શ્રી કે.વી. ઉપાધ્યાય.
આરોપીઓ તરફે :– વિ.વ.શ્રી એમ.એમ.શેખ.

**—:: ચુ કા દો ::—**

૧. ફરિયાદ પક્ષની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામનાં આરોપીઓ ધ્વારા તારીખ ૦૧/૦૮/૧૯૮૭ નાં કલાક ૧૪—૪૫ વાગ્યાનાં સુમારે, બહુમાળી બિલ્ડીગથી કર્મચારીની રેલી લઈ, ઈન્કમટેક્ષ સર્કલ આવવા નીકળેલ, ત્યારે બહુમાળી બિલ્ડીગથી નહેરૂબ્રીજ થઈ, આશ્રમ રોડ આવતાં હતાં, ત્યારે નહેરૂબ્રીજ અને નહેરૂબ્રીજ સર્કલ ઉપર ટ્રાફિક બંધ કરવામાં આવલ અને સમગ્ર રોડ ઉપર ચાલવા લાગેલ અને નહેરૂબ્રીજ સર્કલથી નેપ્ચ્યુન ટાગર બિલ્ડીગ રોડ ઉપર જઈ, કલાક ૧૭—૧૦ વાગે નહેરૂબ્રીજ સર્કલથી જૂની રિઝર્વ બેરેક રોડ ઉપર આરોપીઓએ મુખ્ય મંત્રીશ્રીને બિભત્સ ગાળો બોલી, તે મુજબનાં સૂત્રોચ્ચાર કરેલ અને તે સૂત્રોચ્ચાર નહિ કરવા ફરિયાદીએ સૂચના આપેલ અને તેમ છતાં આરોપીઓ માનેલ નહિ અને બંદોબસ્તમાં રહેલ ફરિયાદી તથા સાહેદની ફરજમાં રૂકાવટ કરી, પથ્થરમારો કરી, વ્યથા પહોંચાડી આ તમામ ગુનાઓ કરેલ. જે અંગેની ફરિયાદ, ફરિયાદીએ સંબંધિત પોલીસ સ્ટેશનમાં નોંધાવતાં, સદર ફરિયાદ નોંધી લેવામાં આવેલ અને ફરિયાદ તપાસ કરનાર અમલદારને તપાસ કરવા માટે ડૅપ્યુટ થતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા ફરિયાદ અન્વયે તપાસ કરેલ, જેમાં આરોપીઓ સામે તપાસ કરતાં, પૂરતો પુરાવો મળી આવતાં, તપાસ કરનાર અમલદાર દ્વારા આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ—૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનાં ગુના અંગેનું ચાર્જશીટ રજૂ કરવામાં આવેલ છે.

૨. આરોપીઓ સામે વિધિસર સમન્સની બજવણી થતાં, આરોપીઓ હાજર થતાં, ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ : ૨૦૭ અન્વયે હાજર આરોપીઓને તપાસ અન્વયેનાં પોલીસ દસ્તાવેજો મળ્યાની ખાતરી કરવામાં આવેલ. ત્યાર બાદ હાજર આરોપીઓ સામે આંક—૩ થી તહોમતનામું ફરમાવવામાં આવેલ અને આંક—૪ થી આંક—૫ મુજબ આરોપીઓનાં નિવેદન નોંધતાં, આરોપીઓ દ્વારા ગુનો કબૂલ નથી અને બચાવ કરવો છે, તેમ જણાવેલ. જે અન્વયે ફરિયાદ પક્ષ દ્વારા પુરાવો રજૂ કરવામાં આવેલો.

૩. ફરિયાદ પક્ષ તરફે તેમનાં કેસનાં સમર્થનમાં નીચે મુજબનાં મૌખિક અને દસ્તાવેજી

પુરાવાઓ રજૂ રાખેલાં છે.

## મૌખિક પુરાવો

| અનુ.નં. | આંક | સાહેદનું નામ |
|---|---|---|
| ૧. | ૧૨ | અમથાભાઈ માણેકભાઈ દેસાઈની જુબાની. |
| ૨. | ૧૭ | ભગવાનભાઈ કાળુભાઈની જુબાની. |
| ૩. | ૧૮ | હરીસિંહ પૂંજાભાઈ પરમારની જુબાની. |

## દસ્તાવેજી પુરાવો

| અનુ.નં. | આંક | દસ્તાવેજનું વર્ણન. |
|---|---|---|
| ૧. | ૧૩ | ફરિયાદ. |

૪. ઉપર મુજબનો પુરાવો પૂરો થયા બાદ ફરિયાદ પક્ષ તરફે મૌખિક રીતે પુરાવા બંધની જાહેરાત કરવામાં આવેલ. ત્યાર બાદ આરોપીઓનાં ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૧૩ અન્વયે વધારાનાં નિવેદન નોંધતાં, તેઓએ ફરિયાદ પક્ષનાં કેસનો ઈન્કાર કરેલ છે અને વધુમાં પોતાનાં ઉપર ખોટો કેસ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. ત્યાર બાદ સરકાર પક્ષ તરફે તથા આરોપીઓ તરફે દલીલ કરવામાં આવેલ.

૫. ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવો અને હકીકત ધ્યાને લેતાં, સદર ફરિયાદનાં નિર્ણય અર્થે નીચે મુજબનાં મુદ્દા ઉત્પન્ન થાય છે. **પોઈન્ટ ફૉર ડિટરમીનેશન સી.આર.પી.સી.ની કલમ–૩૫૪ (૧)(બી) મુજબ.**

## –: મુ દ્દા :–

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આ કામનાં આરોપીઓ ધ્વારા તારીખ ૦૧/૦૮/૧૯૮૭ નાં કલાક ૧૪–૪૫ વાગ્યાનાં સુમારે, બહુમાળી બિલ્ડીગથી કર્મચારીની રેલી લઈ, ઈન્કમટેક્ષ સર્કલ આવવા નીકળેલ, ત્યારે બહુમાળી બિલ્ડીગથી નહેરૂબ્રીજ થઈ, આશ્રમ રોડ આવતાં હતાં,

ત્યારે નહેરૂબ્રીજ અને નહેરૂબ્રીજ સર્કલ ઉપર ટ્રાફિક બંધ કરવામાં આવલ અને સમગ્ર રોડ ઉપર ચાલવા લાગેલ અને નહેરૂબ્રીજ સર્કલથી નેપ્ચ્યુન ટાગર બિલ્ડીગ રોડ ઉપર જઈ, કલાક ૧૭–૧૦ વાગે નહેરૂબ્રીજ સર્કલથી જૂની રિઝર્વ બેરેક રોડ ઉપર આરોપીઓએ મુખ્ય મંત્રીશ્રીને બિભત્સ ગાળો બોલી, તે મુજબનાં સૂત્રોચ્ચાર કરેલ અને તે સૂત્રોચ્ચાર નહિ કરવા ફરિયાદીએ સૂચના આપેલ અને તેમ છતાં આરોપીઓ માનેલ નહિ અને બંદોબસ્તમાં રહેલ ફરિયાદી તથા સાહેદની ફરજમાં રૂકાવટ કરી, પથ્થરમારો કરી, વ્યથા પહોંચાડી, ભારતીય દંડ સંહિતાની કલમ –૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના આ કોર્ટની હકૂમતમાં કરેલ છે ?

:૨: શું હુકમ?

૬. ઉપરોકત મુદ્દા અંગે મારા નિર્ણય નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. આખરી હુકમ મુજબ.

**–: ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૩૫૪ (૧) (બી) મુજબ નિર્ણય માટેનાં કારણો :–**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

૭. ભારતીય ક્રિમિનલ જસ્ટીસ સિસ્ટમ તથા ક્રિમિનલ જયુરીસપુડન્સ મુજબ ફરિયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શકથી પર સાબિત કરવાનો રહે છે. વધુમાં ફરિયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી કે સાંયોગિક પુરાવાથી સાબિત કરવાનો રહે છે. વધુમાં કોઈ પણ દંડાત્મક કાનૂનનું અર્થઘટન કરતી વખતે તેને **"strictly construed"** કરવાનું રહે છે. એટલે, અદાલતે કાયદાનાં શબ્દો **(Litera legis)** કરતાં આગળ વધવું જોઈએ નહીં.

૮. જયાં સુધી ભારતીય દંડ સંહિતાને લાગે–વળગે છે, ત્યાં સુધી કોઈ પણ કૃત્ય ગુનો બને છે કે

કેમ? તે માટે ભારતનો ફોજદારી અધિનિયમ, ૧૮૬૦ ની કલમ–૬ ને પણ લક્ષમાં રાખવાની હોય છે :–

કલમ–૬:– આ સંહિતાની જોગવાઈઓ અપવાદોને આધિન સમજવી. આ સંહિતામાં પ્રથમથી છેક સુધી ગુનાની પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા, પ્રત્યેક શિક્ષાત્મક જોગવાઈ અને આવી પ્રત્યેક વ્યાખ્યા તથા શિક્ષાત્મક જોગવાઈઓનું પ્રત્યેક દષ્ટાંત "સામાન્ય અપવાદો" શિર્ષકવાળા પ્રકરણમાં આપેલ અપવાદોને આધિન છે, તેમ સમજવું. અલબત, આવી વ્યાખ્યા કે શિક્ષાત્મક જોગવાઈ કે દષ્ટાંતમાં આવા અપવાદો દોહરાવાયા નથી. એટલે કે, કોઈ પણ કૃત્ય બને છે કે કેમ? તે માટે આ ભારતીય દંડ સંહિતામાં જે અપવાદો આપેલાં છે, તે અપવાદો લક્ષમાં રાખવાનાં છે. એટલે કે, કોઈ પણ કૃત્ય ગુનો બનવા માટે અપવાદોને આધિન છે. નામદાર સર્વોચ્ચ અદાલતે ***પ્રતાપ–વિરૂધ્ધ– ઉત્તર પ્રદેશ રાજયનો ચુકાદો, કે જે ૧૯૭૬(૨) એસસીસી–પાન નં.૭૯૮*** ઉપર પ્રદર્શિત થયેલ છે. જે ચુકાદામાં એવું પ્રતિપાદિત કરેલ છે કે, રૅકર્ડ ઉપર જે પુરાવો હોય, તેનાં ઉપરથી અદાલતે કોઈ પણ ગુનો અપવાદમાં પડે છે કે કેમ? તે લક્ષમાં રાખી, કોઈ કૃત્ય ગુનો બને છે કે કેમ? તે નકકી કરવાનું હોય છે.

## Beyond reasonable doubt એટલે શું?

૯. ઉપર ચર્ચા કરી તે મુજબ ફરિયાદ પક્ષે તેમનો કેસ વ્યાજબી શકથી પર સાબિત કરવાનો હોય છે અને કોઈ પણ ભૂલ ભરેલી સજા, સમાજ તથા આરોપી માટે ખૂબ જ ગંભીર બાબત છે. જેથી, સજા કરતી વખતે અદાલતે ધ્યાનમાં રાખવાનું હોય છે કે, એક ડાહ્‌યો માણસ અદાલત સમક્ષ પડેલી બાબતો વિચારતાં, એવા એવા નિર્ણય ઉપર પહોંચે કે,આરોપી વ્યાજબી શકથી પર ગુનેગાર છે, જે અન્વયે પુરાવાનું મૂલ્યાંકન કરતી વખતે નામદાર સુપ્રીમ કૉર્ટ દ્વારા સ્થાપિત સિધ્ધાંતો ધ્યાને લેવા જોઈએ, જે અન્વયે ***જયંતિલાલ કુબેરદાસ શર્મા વિરૂધ્ધ રાજય ૨૦૦૭ (૧) જી.એલ.આર. ૯૯*** ધ્યાને લેતાં :

> A Judge does not preside over a criminal trial merely to see that no innocent men is punished, A Judge also preside to see that guilty

man does not escape. Both are public duty. The proof beyond reasonable doubt is mere guideline and not fetish. Reasonable doubt is not an imaginary, trival, or merely possible doubt, but a fare doubt based upon reason and common sense.

વધુમાં નામદાર સુપ્રીમ કૉર્ટ દ્વારા ***અલ્લારખા એ.મનસુરી વિ.સ્ટેટ ઑફ ગુજરાત એ.આઈ.આર.૨૦૦૨ સુપ્રીમ કૉર્ટ ૧૦૫૧*** માં સ્થાપિત કરેલ છે કે "A miscarriage of Justice which may arised from the acquittal of a guilty is not less than from the conviction of an innocent."

૧૦. Reasonable doubt અંગે વિદ્વાન કાયદાવિદ્ વ્હોરટને નીચે મુજબની વ્યાખ્યા આપી છે કે :–"Reasonable doubt is that which makes you hesitate as to the correctness of the conclusion which you rich" જયારે અદાલતને તેની રૂબરૂ જે પુરાવો પડેલો હોય, તે શુઘ્ધ અંતર આત્માથી વિચારતા એવું લાગે કે, આરોપીની ગુનેગારી બાબતે શંકા છે, તો તે રિઝનેબલ ડાઉટ છે.

૧૧. આ જ રીતે લૉર્ડ ડેનીગે તેની વ્યાખ્યા આપતાં જણાવ્યું છે કેઃ–That degree is not well settled. It need not reach certainty but must carry a high degree of probability. Proof beyond reasonable doubt does not mean proof beyond the shadow of doubt. The law would fail to protect the community if it admitted fanciful possibilities to deflect the course of justice. If the evidence is strong against a man as to leave only a remote possibility in his favour that can be dismissed with the sentence'. “Of course it is possible, but not in the lest probable, the case is proved beyond

reasonable doubt, but nothing short of that will suffice".

૧૨. વધુમાં નામદાર સર્વોચ્ચ અદાલતે ***સ્ટેટ ઑફ બૅંગાલ– વિરૂધ્ધ– ઓનીલાલ જયસ્વાલ– નાં ૧૯૯૪(૧) જી.એલ.એચ.પાન–૫૩૭*** ઉપરનાં ચુકાદામાં એવો સિધ્ધાંત પ્રતિપાદિત કરેલ છે કે, Reasonable doubt is simply that degree of doubt which would permit a reasonable and just man to come to a conclusion. Reasonableness of the doubt must be commensurate with the nature of the offence to be investigated. ..."

આમ, રિઝનેબલ ડાઉટ રૅકર્ડ ઉપરથી ફલિત થતો હોવો જોઈએ અને તે કાલ્પનિક ન હોવો જોઈએ અને રૅકર્ડ ઉપરથી જ ફક્ત શંકા નહિ, પરંતુ વ્યાજબી શંકા આરોપીની ગુનામાં સંડોવણી કે, આરોપીનાં ગુનાકીય કૃત્ય માટે ઉભી થયેલી હોવી જોઈએ.

## ૧૩. નજરે જોનાર, બનાવ બાદ સ્થળ ઉપર આવેલ સાહેદોનાં પુરાવાનું મૂલ્યાંકન :–

૧૩.૧. ફરિયાદ પક્ષનાં સાહેદોનો પુરાવો, એ માત્ર યાંત્રિક દ્રષ્ટિએ સ્વીકારવાનો નથી. જેનાં અનુસંધાને નામદાર સુપ્રીમ કૅાર્ટ દ્વારા ***હરદિપ વિરૂધ્ધ સ્ટેટ ઑફ હરિયાણા અને બીજા એ.આઈ.આર.૨૦૦૨, સુપ્રીમ કૅાર્ટ ૩૦૧૮*** માં નીચે મુજબ ઠરાવેલ છે.

> The court can not proceed to consider the evidence of the prosecution witness in a mechanical way. The broad feature of the prosecution case, the probabilities and normal course of human conduct of a prudent person are some of the factor which are always kept in mind while evaluating the merit of the case.

જે બાબત ધ્યાને લેતાં, સદર કામે ઈજા પામનાર ઈસમનો પુરાવો, જે રજૂ કરવામાં આવેલ છે, તે સાહેદની જુબાનીને રજૂ કરવામાં આવેલ દસ્તાવેજી પુરાવા સાથે મૂલ્યાંકન કરવાનું થાય.

૧૩.૨. ભારતીય પુરાવા ધારાની કલમ–૩ મુજબ સાબિતીની વ્યાખ્યા નીચે મુજબ આપેલી છે.

"proved" .- A fact is said to be proved when, after considering the matter before it, the Court either believes it to exists, or considers its existence so probable that a prudent man ought, under the circumstances of the particular case, to act upon the supposition that it exists.

ઉપર ચર્ચા કરી તેમ, ફરિયાદ પક્ષે તેનો કેસ વ્યાજબી શકથી સાબિત કરવાનો હોય છે. જયારે આરોપી પક્ષ તેવી હકીકત પ્રિપોન્ડરન્સ ઑફ પ્રોબેબિલીટી, એટલે કે, શક્યતાની બાહુલ્યતાનાં ધોરણે કરવાની હોય છે. આમ, ફરિયાદ પક્ષે તેનો કેસ સીધા પુરાવાથી, સાંયોગિક પુરાવાથી કે આરોપીની કબૂલાતથી પણ પુરવાર કરી શકે છે. ભારતીય પુરાવા ધારા કલમ–૫૯ મુજબ, દસ્તાવેજની વિગત સિવાય, તમામ હકીકતો મૌખિક પુરાવાથી સાબિત કરવાની હોય છે. મૌખિક પુરાવાની વ્યાખ્યા ભારતીય પુરાવા ધારા કલમ ૩ માં નીચે મુજબ આપેલી છે.

"Evidence" .- "Evidence" means and includes-
(1) all statements which the Court permits or requires to be made before it by witnesses, in relation to matter of fact under inquiry: such statements are called oral evidence;

એટલે કે, તપાસ હેઠળ હોય તેને લગતી હકીકતોની બાબતમાં અદાલત પરવાનગી આપે અથવા કરવી જરૂરી જણાવે, તેવા સાહેદોએ કરેલાં તમામ નિવેદનો મૌખિક પુરાવો કહેવાય છે.

૧૪. ફરિયાદ પક્ષની હકીકત મુજબ, આ કામનાં આરોપીઓ ધ્વારા તારીખ ૦૧/૦૮/૧૯૮૭

નાં કલાક ૧૪–૪૫ વાગ્યાનાં સુમારે, બહુમાળી બિલ્ડીંગથી કર્મચારીની રેલી લઈ, ઈન્કમટેક્ષ સર્કલ આવવા નીકળેલ, ત્યારે બહુમાળી બિલ્ડીંગથી નહેરૂબ્રીજ થઈ, આશ્રમ રોડ આવતાં હતાં, ત્યારે નહેરૂબ્રીજ અને નહેરૂબ્રીજ સર્કલ ઉપર ટ્રાફિક બંધ કરવામાં આવલ અને સમગ્ર રોડ ઉપર ચાલવા લાગેલ અને નહેરૂબ્રીજ સર્કલથી નેપ્ચ્યુન ટાગર બિલ્ડીગ રોડ ઉપર જઈ, કલાક ૧૭–૧૦ વાગે નહેરૂબ્રીજ સર્કલથી જૂની રિઝર્વ બેરેક રોડ ઉપર આરોપીઓએ મુખ્ય મંત્રીશ્રીને બિભત્સ ગાળો બોલી, તે મુજબનાં સૂત્રોચ્ચાર કરેલ અને તે સૂત્રોચ્ચાર નહિ કરવા ફરિયાદીએ સૂચના આપેલ અને તેમ છતાં આરોપીઓ માનેલ નહિ અને બંદોબસ્તમાં રહેલ ફરિયાદી તથા સાહેદની ફરજમાં રૂકાવટ કરી, પથ્થરમારો કરી, વ્યથા પહોંચાડી, ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનાં શિક્ષાને પાત્ર ગુના આ કોર્ટની હકૂમતમાં કરેલ.

૧૫. સદર કામે ફરિયાદ પક્ષ તરફે રજૂ કરવામાં આવેલ પુરાવો ધ્યાને લેતાં, અંક–૧૨ થી સાહેદ અમથાભાઈ માણેકભાઈ દેસાઈનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, તારીખ ૦૧/૦૮/૮૭ ના રોજ નવરંગપુરા પો. સ્ટેશન માં પોલીસ ઈન્સ્પેકટર તરીકે અમો ફરજ બજાવતા હતા. આ દિવસે બહુમાળી બિલ્ડીંગ લાલદરવાજા ખાતેથી વન ખાતાના કર્મચારીઓની રેલી નીકળવાની હોઈ, હુ તથા મારી સાથે પોલીસના માણસો બંદોબસ્ત માં હતા અને કારંજ પો.સ્ટે.ના પણ અધિકારીના માણસો બંદોબસ્તમાં હતા. આ રેલી કલાક ૧૪:૪૫ વાગ્યે બહુમાળી બીલ્ડીંગથી નીકળેલી, કારંજ પો. સ્ટેશનના પોલીસના માણસો નહેરુ બ્રીજ સુધી બંદોબસ્તમાં હતા. ત્યાર બાદ નવરંગપુરા પો.સ્ટે.ની હદ આવતી હોઈ, હુ તથા મારા સ્ટાફના માણસો બંદોબસ્તમાં હતા. રેલીમાં અંદાજે અઢારસોથી બે હજાર જેટલા કર્મચારીઓ હતા. આ રેલીના માણસો નહેરુબ્રીજ સર્કલ આવતા સમગ્ર સર્કલ અને રોડના રસ્તા ઉપર આ લોકો ચાલવા માડેલા અને ટ્રાફીકને ઘણી હેરાનગતી કરવા લાગેલા. નેપ્ચુયન ટાવર બીલ્ડીગ આવતા રેલીના માણસો સુત્રોચાર કરી પોલીસના માણસોને બીભત્સ ગાળો બોલવા લાગેલા તેઓને એક સાઈડે રસ્તો કલીયર

રાખવા વીનંતી કરવા છતા તેઓ માનેલા નહિ અને મારી સાથેના બંદોબસ્તના પી. એસ. આઈ. એસ. પી. પરમાર અને બીજા પોલીસના માણસોને આ રેલીના માણસોએ ઉંચકીને રેલીના આગળના ભાગે લઈ ગયા હતા અને તેઓને સાથે ગાળાગાળી મારામારી કરવા માડેલા. જેથી, પોલીસના માણસોને છોડાવવા મે મારી સરકારી રીવોલ્વર માંથી એક રાઉન્ડ હવામાં ફાયર કરેલ અને પોલીસના માણસોને છોડાવીને રેલીના આગળના ભાગે અમો લઈ ગયા હતા. રેલી જેમ જેમ આગળ વધતી ગઈ, તેમ આ રેલીના માણસો પથ્થરમારો પોલીસ ઉપર તથા પબ્લીકના માણસો પર કરવા માડેલા મારી પાસે પુરતા માણસો નહી હોય, મે આ અંગે બીજા પોલીસના માણસો મદદમાં મોકલવા માટે પોલીસ કંટ્રોલને સંદેશો આપેલ અને રેલી તોફાન કરતા આગળ વધેલી અને તેઓએ સુત્રોચાર કરી પોલીસના માણસોને ગાળો બોલી અને પથ્થરમારો તથા તોફાન કરવાનુ ચાલૂ રાખેલ. તેઓને વિનંતી કરી સમજાવવા છતાં, તેઓ માનેલા નહિ. રેલી જૂની રિઝર્વબેંક નજીક આવતા, બીજા અધિકારી તથા પોલીસના વાહનો મારી મદદમાં આવેલા. રેલીના માણસોને તોફાન નહિ કરવા, પોલીસ ઉપર પથ્થર મારો નહિ કરવા વારંવાર સુચનાઓ આપેલી. છતા તેની રેલીના માણસો પર કોઈ અસર થયેલી ન હતી. જેથી, મે તથા મારી સાથેના બીજા અધિકારી તથા માણસોએ આ રેલીના માણસોને વીખેરી નાખવા માટે લાઠી ચાર્જ કરેલ અને લાઠીચાર્જ કર્યા બાદ રેલીના માણસો ઘણા ખરા નાસી ગયા હતા અને સ્થળ ઉપરથી પીસ્તાલીસ માણસોને અમોએ તથા અમારી સાથેના પોલીસના માણસોએ પકડેલા અને આ લોકોને પકડીને સરકારી ગાડીઓમાં નવરંગપુરા પો. સ્ટેશને લઈ ગયા હતા અને પકડેલા પૈકી ચાર જણાને ઈજાઓ થઈ હતી. તેઓને વાડીલાલ સારાભાઈ હોસ્પીટલ સારવાર મોકલેલ હતા અને જે પોલીસના કર્મચારીઓને ઈજાઓ થઈ હતી, તેઓને પણ વાડીલાલ સારાભાઈ હોસ્પીટલ સારવાર અર્થે મોકલેલ. આ પકડેલા આરોપીઓ તથા બીજા નાસી ગયેલા આરોપીઓ વીરુધ્ધ મે નવરંગપુરા પો. સ્ટે.માં મારી લેખીત ફરીયાદ આપી હતી. આ ફરીયાદના અનુસંધાને તપાસ કરનાર અધિકારીએ તા. ૦૨/૦૮/૮૭ ના રોજ મારુ વધારાનુ નીવેદન લીધેલ. જેમાં રેલીના માણસો પૈકી, જે લોકો વાડીલાલ સારાભાઈ હોસ્પીટલ બારોબાર સારવાર માટે ગયા હતા અને રેલીમાં હાજર હતા. તેથી, તેઓના નામ મે મારા

વધારાના નીવેદન માં લખાવેલ હતા. મને ફરીયાદની નકલ બતાવવામાં આવે છે, તે જોઈ ને કહુ છુ કે, તે મે જે ફરીયાદ આપી હતી આ તેની જ નકલ છે. અસલ ફરીયાદમાં મે મારી ગુજરાતીમાં સહી કરી હતી. આરોપીના વી.વ.શ્રીને આંક આપવા વાંધો ન હોય રજુ દાખલ આંક–૧૩. સદર કામમાં તમામ આરોપીઓના નામ અમોએ ફરીયાદમાં તેમજ વધારાના નીવેદનમાં લખાવેલ હતા. હાલ મારી ઉંમર ૭૩ વર્ષની છે અને આ બનાવ ૧૯૮૭ નો છે અને આ બનાવને આશરે ત્રીસ વર્ષ જેટલો સમય વીત્યો હોય, હાલ હુ ચોકકસ માહીતી કહી શકુ નહી. ફરીયાદ માં લખાવેલ છે તે બરાબર છે.

ત્યાર બાદ બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓને પ્રશ્ન કરવામાં આવેલ કે, પોલીસ મેન્યુઅલ અન્વયે ટોળા પર ફાયર કરતા પહેલા ઘણી બધી જોગવાઈઓનુ પાલન કરવુ પડે, એનાઉન્સ કરવું પડે? જેનાં જવાબમાં તેઓએ જણાવેલ છે કે, અમે એ લોકોને તોફાન નહી કરવા સુચના આપેલ અને પોલીસના માણસો લઈ ગયેલા, અમે તે લોકોને સુચના આપેલી હતી. ત્યાર બાદ તેઓએ વધુમાં જણાવેલ છે કે, એ વાત ખરી છે કે આખી ફરીયાદમાં માઈક પર એનાઉન્સ કરેલ હોય, તેમ લખવામાં આવેલ નથી. એ વાત ખરી નથી કે, મે સરકારના દબાણમાં આવી, આરોપીઓની રેલી સકસેસ ન થાય એ માટે પહેલા જ ફાયરીંગ કરી, આરોપીઓ પર લાઠીચાર્જ કરાવેલ અને તેમાં ઘણા બધા કર્મચારીને ઈજાઓ થયેલ અને તેઓ અમારી સામે કોઈ પગલા ન ભરે તે માટે હાલની ફરીયાદની હકીકત મે ખોટી ઉભી કરેલ છે અને ખોટી ફરીયાદ આપેલ છે. એ વાત ખરી નથી કે, હાલના આરોપીઓએ કોઈ પથ્થર મારો કરેલ નથી કે અપશબ્દ બોલેલ નથી કે ફરજમાં અડચણ ઉભી કરેલ નથી કે કોઈ નોટીફીકેશન ભંગ કરેલ નથી કે કોઈ વ્યકિતને નુકશાન કરેલ નથી.

૧૬. ત્યાર બાદ સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાનાં કેસની રજૂઆતનાં અનુસંધાને આંક–૧૭ થી સાહેદ ભગવાનભાઈ કાળુભાઈઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવ ના અરસામાં હું નવરંગપુરા પો. સ્ટે. માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો. આ બનાવ

તા. ૦૧/૦૮/૧૯૮૭ ના રોજ વન ખાતાની એક રેલી નીકળવાની હોઈ, નહેરુ બ્રીજના નાકે સ્ટાફના માણસો સાથે તેમજ નવરંગપુરા પો.ઈન્સ્પે., એ.એમ.દેસાઈ તથા પી.એસ.આઈ, એસ.પી.પરમાર સર્વેલન્સ ટીમનાઓ તથા મુકેશભાઈ કોન્સ્ટેબલ તથા સ્ટાફના માણસો સાથે નહેરુ બ્રીજ ના નાકે વન ખાતાની એક રેલી નીકળવાની હોઈ, જે આશરે હજારથી બે હજાર માણસોની રેલી હોઈ, અમો બંદોબસ્તમાં હાજર હતા. રેલીમાં માણસો રોડ ચકકાજામ કરી નાખેલ. એ.એમ.દેસાઈ સાહેબે તેઓને સુચના આપેલ કે, તમે સાઈડમાં ખસી જવા કહેતા બધા માણસો ઉશ્કેરાઈ જઈ, પોલીસના માણસોને ધકકે ચડાવી તેમજ પી.એસ.આઈ, એસ.પી.પરમારનાઓને પકડી પાડેલ અને ધકકાધકકી કરેલ અને પોલીસના માણસોને નાની મોટી ઈજા કરેલ. એ.એમ. દેસાઈ સાહેબે તેઓને વીખેરાઈ જવાની સુચના આપતા, તેઓ વધારે ઉશ્કેરાઈ જઈ, સ્ટાફ –ના માણસોને ગડદાપાટુનો માર મારેલ. ટોળુ વધારે ઉશ્કેરાતા એ.એમ.દેસાઈ સાહેબે હવામાં ફાઈરીગ કરેલ. ભાગદોડમાં સાહેબે જણાવેલ ચાલીસથી પીસ્તાલીસ માણસોને સ્ટાફના માણસો સાથે મળી પકડી પાડેલ અને નવરંગપુરા પો. સ્ટે. લઈ જઈ પી.એસ.ઓ ને સોંપી અને ઈન્વે.ના માણસોએ કાયદેસરની કાર્યવાહી કરેલ. આરોપીઓ પૈકી બે જણાને હુ જોયે ઓળખુ છુ, જે આજ રોજ કોર્ટમા હાજર છે. તપાસ કરનાર અધિકારીએ મારુ નીવેદન લીધેલ.

ત્યાર બાદ બચાવ પક્ષ ઘ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાતની મને ખબર નથી કે વન ખાતાની રેલી મંજુરી લઈને નીકળેલ હતી. આ બંદોબસ્તમાં કુલ બધા થઈને પચ્ચીસ ઉપર પોલીસ સ્ટાફ હતા. એ વાત ખરી નથી કે, આ રેલીમાં માણસો વધારે હતા અને બંદોબસ્તમાં અમે ઓછા હતા જેથી તેમને કંટ્રોલમાં કરી શકયા નહી. એ વાત ખરી નથી કે, અમે બંદોબસ્તમાં ઓછા માણસો હોઈ, જેથી રેલી કંટ્રોલ ન થતાં, અરાજકતા ફેલાઈ ગયેલ. એ વાત ખરી નથી કે, બે હજારના ટોળામાં કોઈ માણસને હુ ઓળખી ન શકુ કે, તે ટોળકીમાં હતો. એ વાત ખરી નથી કે, હુ મારા ઉપરી અધિકારીના કહેવાથી ખોટી જુબાની આપુ છુ.

૧૭. ત્યાર બાદ સદર કામે ફરિયાદ પક્ષ તરફે પોતાનાં કેસની રજૂઆતનાં અનુસંધાને આંક–૧૮ થી સાહેદ હરીસિંહ પૂંજાભાઈ પરમારનાઓને સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સોગંદ પરની જુબાનીની સરતપાસમાં જણાવેલ છે કે, આ બનાવના અરસામાં હું નવરંગપુરા પો. સ્ટે. માં કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતો હતો. આ બનાવ તા. ૦૧/૦૮/૮૭ ના રોજ વન ખાતાની એક રેલી નીકળવાની હોય નહેરુ બ્રીજના નાકે સ્ટાફના માણસો સાથે તેમજ નવરંગપુરા પો. ઈન્સ્પે. એ. એમ. દેસાઈ તથા પી. એસ. આઈ એસ. પી. પરમાર સર્વેલન્સ ટીમ ના ઓ તથા મુકેશભાઈ કોન્સ્ટેબલ તથા સ્ટાફ ના માણસો સાથે નહેરુ બ્રીજ ના નાકે વન ખાતાની એક રેલી નીકળવાની હોય જે આશરે હજારથી બે હજાર માણસો ની રેલી હોય અમો બંદોબસ્ત માં હાજર હતા. રેલીમાં માણસો રોડ ચકકા જામ કરી નાખેલ. એ. એમ દેસાઈ સાહેબે તેઓને સુચના આપેલ કે તમે સાઈડ માં ખસી જવા કહેતા બધા માણસો ઉશ્કેરાઈ જઈ પોલીસ ના માણસો ને ધકકે ચડાવી તેમજ પી. એસ. આઈ એસ. પી. પરમાર નાઓને પકડી પાડેલ અને ધકકા ધકકી કરેલ અને પોલીસ ના માણસો ને નાની મોટી ઈજા કરેલ. એ.એમ. દેસાઈ સાહેબ એ તેઓને વીખેરાઈ જવાની સુચના આપતા તેઓ વધારે ઉશ્કેરાઈ જઈ સ્ટાફ ના માણસો ને ગડદાપાટુ નો માર મારેલ. ટોળુ વધારે ઉશ્કેરાતા એ. એમ દેસાઈ સાહેબ એ હવામાં ફાઈરીગ કરેલ. ભાગ દોડ માં સાહેબ એ જણાવેલ ચાલીસ થી પંચાવન માણસો –ને સ્ટાફ ના માણસો સાથે મળી પકડી પાડેલ અને નવરંગપુરા પો. સ્ટે. લઈ જઈ પી. એસ. ઓ ને સોંપી અને ઈન્વે ના માણસો એ કાયદેસર ની કાર્યવાહી કરેલ. આરોપી ઓ પૈકી એક રામજીભાઈને હુ જોયે ઓળખુ છુ જે આજ રોજ કોર્ટ મા હાજર છે. તપાસ કરનાર અધિકારી એ મારુ નીવેદન લીધેલ.

ત્યાર બાદ બચાવ પક્ષ ધ્વારા કરવામાં આવેલ ઉલટતપાસમાં તેઓએ જણાવેલ છે કે, એ વાત ની મને ખબર નથી કે વન ખાતાની રેલી મંજુરી લઈ ને નીકળેલ હતી. આ બંદોબસ્ત માં કુલ બધા થઈ ને પચ્ચીસ ઉપર પોલીસ સ્ટાફ હતા. એ વાત ખરી નથી કે આ રેલી માં માણસો વધારે હતા અને બંદોબસ્ત માં અમે ઓછા હતા જેથી તેમને કંટ્રોલ માં કરી શકયા નહી. એ વાત ખરી નથી કે અમે બંદોબસ્ત માં ઓછા માણસો હોય જેથી રેલી કંટ્રોલ

ન થતા અરાજકતા ફેલાઈ ગયેલ. એ વાત ખરી નથી કે બે હજાર ના ટોળા માં કોઈ માણસ ને હુ ઓળખી ન શકુ કે તે ટોળકી માં હતો. એ વાત ખરી નથી કે હુ મારા ઉપરી અધિકારી ના કહેવાથી ખોટી જુબાની આપુ છુ.

આમ, આ કામે તપાસવામાં આવેલાં તમામ સાહેદોનાં સમગ્ર પુરાવાનું વિશ્લેષણ કરતાં જણાઈ આવે છે કે, તેઓ તમામ પોલીસ કર્મચારીઓ છે અને આરોપીઓ ઉપર પોલીસ ખાતાએ કરેલ કેસનાં અનુસંધાને પોતાની જુબાની આપી ગયેલાં છે. આ કામનો બનાવ એ જાહેર જગ્યાએ બનેલ હોવા છતાં, જાહેર જગ્યાએ એકત્રીત થયેલ માનવ મેદનીમાંનાં માણસોમાંથી ઉપરોકત સાહેદો સિવાય એક પણ વ્યકિતને સ્વતંત્ર સાહેદ તરીકે અદાલતમાં પેશ કરીને બનાવની હકીકતોને સમર્થન અપાવવા પ્રયત્ન કરવામાં આવેલ નથી. જે જોતાં, આ કામે તપાસવામાં આવેલ સાહેદોની જુબાની જોતાં, આરોપીઓએ આક્ષેપિત તહોમત મુજબનો ગુનો કરેલ હોય, તેવું જણાઈ આવતું નથી અને તે હિસાબે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ નાં આવશ્યક તત્વો પુરવાર થતાં ન હોઈ, આ કામે તપાસવામાં આવેલ અન્ય સાહેદોનાં કથનો જોતાં, ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનો પોતાનો કેસ શંકારહિત સાબિત કરી શકેલ ન હોઈ, જે અન્વયે આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનો કેસ શંકારહિત સાબિત કરી શકેલ નથી.

૧૮. આ તબક્કે એ નોંધ લેવાની થાય કે, આ કામે આરોપી નં. ૧૪, મોહનભાઈ છગનભાઈ હાજીપુરા તથા આરોપી નં. ૨૫, ભીખાભાઈ વિરસીંગભાઈ પટેલ સિવાયનાં આરોપીઓ મળી આવતાં ન હોઈ, કેસનું રૅકર્ડ તથા સંજોગો ધ્યાને લઈ, અત્રેની અદાલતે આરોપી નં. ૧૪, મોહનભાઈ છગનભાઈ હાજીપુરા તથા આરોપી નં. ૨૫, ભીખાભાઈ વિરસીંગભાઈ પટેલ સિવાયનાં આરોપીઓની ગૅહાજરીમાં પુરાવો નોંધવાનો હુકમ તારીખ ૦૬/૦૬/૨૦૧૭ નાં રોજ કરેલ. આરોપી નં. ૧૪, મોહનભાઈ છગનભાઈ હાજીપુરા તથા આરોપી નં. ૨૫, ભીખાભાઈ વિરસીંગભાઈ પટેલ સિવાયનાં આરોપીઓની

ગૅરહાજરીમાં સદર કેસનો પુરાવો નોંધતાં, ઈન્સાફી કાર્યવાહી દરમિયાન આરોપી નં. ૧૪, મોહનભાઈ છગનભાઈ હાજીપુરા તથા આરોપી નં. ૨૫, ભીખાભાઈ વિરસીંગભાઈ પટેલ સામે કોઈ પુરાવો મળી આવેલ નથી તેમજ સદર કામે આરોપી નં. ૧૪ તથા ૨૫ વિરૂધ્ધ જે તહોમતનામું ઘડવામાં આવેલ છે, તે મુજબનો કોઈ પુરાવો આરોપી નં. ૧૪ તથા આરોપી નં. ૨૫ સિવાયનાં અન્ય આરોપીઓની વિરૂધ્ધ પણ મળી આવેલ નથી. જેથી, આરોપી નં. ૧૪ તથા ૨૫ સિવાયનાં આરોપીઓ સામે ભારતીય દંડ સંહિતા ની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનું તહોમતનામું ઘડવા માટેનો પુરાવો ન હોય, જે સંજોગોમાં તેઓને પણ બિન–તહોમતે મુકત કરવા ન્યાયોચિત જણાય છે. જે અન્વયે મુદ્દા નંબર ૧ નો નિર્ણય નકારમાં આપવામાં આવે છે.

**મુદ્દા નં. ૨ :–**

૧૯. ઉપરોક્ત કરેલ વિસ્તૃતપૂર્વકની ચર્ચા, હાલનાં કેસની હકીકત તથા કાયદાનાં પ્રસ્થાપિત સિધ્ધાંતોનાં અનુસંધાને મુદ્દા નંબર ૨ અન્વયે ન્યાયનાં હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

## –: આ ખ રી હુ ક મ :–

૧. આ કામના આરોપી નં. (૧૪) મોહનભાઈ છગનભાઈ હાજીપુરા, રહે. કમિજલા, તા. વિરમગામ, જિ. અમદાવાદ તથા આરોપી નં. (૨૫) ભીખાભાઈ વિરસીંગભાઈ પટેલનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનાં ગુનામાંથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૪૮ (૧) અન્વયે નિર્દોષ ઠરાવી, છોડી મૂકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ કામના આરોપીઓ (૧) રામજીભાઈ ધુસાભાઈ પ્રજાપતિ, રહે. ગામ–ઈટોલી, તા.ધોળકા, જિ.અમદાવાદ, (૨) બાબુસિંહ માધુસિંહ પરમાર, રહે. કઠલાલ, તા.

કપડવંજ, જિ. ખેડા, (૩) શંકરલાલ ડાહયાભાઈ રાવલ, રહે. કૃષ્ણનગર પ્લોટ, ભાવનગર, (૪) શેરમહંમદ ઉમરભાઈ જોખીયા, રહે. એમ–૧૨૬ઘ, હાઉસીંગ સોસાયટી, પાલીતાણા,(૫) ભરત કાળુભાઈ રાઠોડ, રહે. ગામ–ઈસરી, તા. મેઘરજ, જિ. સાબરકાંઠા, (૬) ખીમભાઈ હિરાભાઈ વસાવા, રહે. ઉત્તરસંડા, જિ. ખેડા, (૭) વાલજીભાઈ ધર્માજી ડામોર, રહે. ચોટીલા, જિ. સુરેન્દ્રનગર, (૮) રતિલાલ પ્રહલાદરાય જોષી, રહે. ૭, ઘનશ્યામનગર, ડાકોર, (૯) બાબુભાઈ ઈશ્વરભાઈ પટેલ, રહે. વટવા, અમદાવાદ, (૧૦) સોમાભાઈ સવાભાઈ ચૌહાણ, રહે. સિગ્નલી, તા. લુણાવાડા, જિ. પંચમહાલ, (૧૧) ઓમઅલી અબ્બાસઅલી, રહે. દાહોદ, જિ. પંચમહાલ, (૧૨) પરબતભાઈ મોતીભાઈ પરમાર, રહે. લુણાવાડા, સિગનલી ગામમાં, જિ.પંચમહાલ, (૧૩) કિરીટસિંહ અનોપસિંહ ગોહિલ, રહે. કંડાસ, તા. કાલોલ, જિ. પંચમહાલ, (૧૫) ત્રિભોવનભાઈ હરીભાઈ પ્રજાપતિ, રહે. ગામ–સકરાપુરા, તા. રાધનપુરા, જિ.બનાસકાંઠા, (૧૬) બાબુભાઈ મહેતાભાઈ સીઘલ, રહે. ગામ–ધોળા જંકશન, જિ. ભાવનગર, (૧૭) નારાયણભાઈ વાસુદેવભાઈ વ્યાસ, રહે. લુણાવાડા, જિ.પંચમહાલ, (૧૮) બળદેવભાઈ સુકાજી આદિવાસી, રહે. ઈતાવડી, જિ. સાબરકાંઠા, (૧૯) ભોળાભાઈ રાજાભાઈ કીકાણી, રહે. ગામ–વલ્લભપુર, જિ. ભાવનગર, (૨૦) રેવાભાઈ જીવાભાઈ પ્રજાપતિ, રહે. કોકડીયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા, (૨૧) યુસુફખાન દિલાવરખાન પઠાણ, રહે. ગામ–શિહોર, જિ. ભાવનગર, (૨૨) અલી પુંજા સીધી, રહે. ડુંગરપુર, તા. જિ. જૂનાગઢ, (૨૩) માનસિંહ હરીસિંહ જાડેજા, રહે. વલ્લભપુર, ભાવનગર, (૨૪) નરેન્દ્રસિંહ સજ્જનસિંહ સોલંકી, રહે. ગામ–લાટી, જિ. પંચમહાલ, (૨૬) અલ્લારખા ગીગા સિન્ધી, રહે. જામનગર, કિશાન ચોક, (૨૭) રામસીગભાઈ ગલાભાઈ પરમાર, રહે. ઉત્તરસંડા, જિ. ખેડા, (૨૮) માનશંકર કલ્યાણજી બ્રાહ્મણ, રહે. મોરબી, જિ. રાજકોટ, (૨૯) ખેમચંદભાઈ જેઠાભાઈ ડગલા, રહે. મોઘરી, જિ. સાબરકાંઠા, (૩૦) નૂર મહંમદ અકબરખાન ઘાસુકી, રહે. ડાગીયા, તા. જિ. માલણપુર.(બી.કે.), (૩૧) શંકરભાઈ વાલજીભાઈ ચૌધરી, રહે. મહેસાણા, મનમોહન સોસાયટી,બ.નં.૩૦, (૩૨) દુલ્લભદાસ નથ્થુરામ હરીયાણી, રહે. ઓરવાડ, જિ. જૂનાગઢ, (૩૩) પ્રહલાદગીરી પૂજગીરી ગોસાઈ, રહે. મહેસાણા, લક્ષ્મી

–નગર સોસાયટી,બ.નં.૩૦, (૩૪) પ્રાણજીવન કેશવલાલ શાહ, રહે. ગાંધીનગર, સેકટર નં. ૨૩/૬/૫, (૩૫) નાથુભાઈ જોઈતાભાઈ પ્રજાપતિ, રહે. હિંમતનગર, જિ. સાબરકાંઠા, (૩૬) જયંતિભાઈ સોમાભાઈ સોલંકી, રહે. કાળી, તા. દશક્રોઈ, જિ. અમદાવાદ, (૩૭) ચંદુભાઈ શાભઈભાઈ ડાભી, રહે. અરાલ, તા. કપડવંજ, જિ. ખેડા, (૩૮) કેશાભાઈ મીઠાભાઈ ચમાર, રહે. નિકોડા, જિ. સાબરકાંઠા, (૩૯) અભેસીંગ જવાનસીંગ મકવાણા, રહે. મોડાસા, જિ. સાબરકાંઠા., (૪૦) રાજુસીંગ કાલુસીંગ મીણા, રહે. સવાપુરા, જિ. સાબરકાંઠા, (૪૧) હિરાભાઈ બિજલભાઈ શેલત, રહે. કડાણા, જિ. પંચમહાલ, (૪૨) ભગવાનજી વસ્તાજી, રહે. ૨૫, વિદ્યાનગર સોસાયટી, ભાવનગર, (૪૩) નરેશ ધનસિંહ વાઘેલા, રહે. ભાવનગર, બં.નં.૧૦૪, વિદ્યાનગર સોસા., (૪૪) મસરી ભગવાન કોળી, રહે. નાની રાજેસથડી, જિ. ભાવનગર, (૪૫) કાળીદાસ કાનાભાઈ રણોતી, રહે. સંતરામપુર, જિ. પંચમહાલ, (૪૬) બાબુભાઈ હરિભાઈ માંગરોલ, રહે. ગામ–લાટી, જિ. પંચમહાલ, (૪૭) નરેન્દ્ર મગનલાલ મહીચ્છા, રહે. ગાંધીનગર, સેકટર–૧૬, ૩૬/૧૦, (૪૮) ખીમજીભાઈ ગલાભાઈ મકવાણા, રહે. ગઢડા, જિ. ભાવનગર, (૪૯) દિલીપસિંહ મોરારભાઈ વાઘેલા, રહે. ડભોઈ, જિ. વડોદરા, (૫૦) બિસ્મિલ્લાખાન ગુલાબખાન, રહે. નાગોરીવાસમાં, પાલનાગોરી, (૫૧) ભીખાભાઈ કાનજીભાઈ, રહે. ધારી નવી વસાહત, અમરેલી, (૫૨) જીતેન્દ્રભાઈ મગનભાઈ રાણા, રહે. ગામ–હિરાબા, જિ. અમરેલી, (૫૩) અબ્દુલભાઈ અલીભાઈ સમાજા, રહે. ગામ–સુખપુર, જિ. અમરેલી, (૫૪) ત્રિભોવન મોરારભાઈ પટેલ ,રહે. ગામ–ગોધાર, તા.અંતરાપુર, જિ. પંચમહાલ, (૫૫) ચંદુભાઈ બેચરભાઈ મોડીયા રહે. ગામ–વેકરીયા, જિ. અમદાવાદનાઓને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૪૩, ૧૪૭, ૧૪૮, ૧૪૯, ૧૮૮, ૩૩૨, ૧૮૬ તથા ૩૩૬ મુજબનાં ગુનામાંથી ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૨૩૯ અન્વયે બિન–તહોમતે મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આ કામે કબજે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વીત્યેથી નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૪. આરોપીએ ક્રિમિનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭ (ક) અન્વયે, અપીલ સમય માટેનાં જામીન તેમજ જાત–મુચરકો રજૂ કરવાનો હુકમ કરવામાં આવે છે અને સદર રજૂ કરવામાં કસૂર કરવામાં આવે, તો અગાઉ આપવામાં આવેલ જામીન તેમજ જાત–મુચરકા છ માસ સુધી ચાલૂ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ તારીખ અગિયાર, માહે મે, સને બે હજાર અઢારનાં રોજ ખુલ્લી ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી, મારી સહી તથા આ અદાલતનો સિક્કો કરીને જાહેર કર્યો.**

**તા.૧૧/૦૫/૨૦૧૮.**
**મુ. અમદાવાદ**

**(અરવિંદકુમાર શિવપ્રસાદ પાંડે)**
**ઍડિ. ચીફ મૅટ્રોપોલીટન મૅજિસ્ટ્રેટ,**
**કૅાર્ટ નં.૯, અમદાવાદ.**
**Unique Code No. GJOO854.**

**Prakash B. Patel, P.A.**